"આઝાદિ કા અમૃત મોહત્સવ પર યુવા સંકલ્પ શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ" અંતર્ગત યોજાયેલ કાર્યક્રમ

કૃષિ મહાવિદ્યાલય -વ- કૃષિ પોલિટેકનીક, આ. કૃ. યુ. વસોની રાષ્ટ્રીય સેવા યોજનાની ખાસ શિબિર (૦૫-૦૩-૨૦૨૨૨ થી ૧૧-૦૩-૨૦૨૨) અંતર્ગત તારીખ ૦૮-૦૩-૨૦૨૨ ના રોજ "આઝાદિ કા અમૃત મોહત્સવ પર યુવા સંકલ્પ શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ" હેઠળ ગ્રામજનો અને યુવાનોમાં જાગૃતિ લાવવાના ભાગરૂપે વિવિધ નાટકોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રકલ્પ દિઠ વિદ્યાર્થિઓ દ્વારા વિવિધ વિષયો ૧. કોરોના સંક્રમણ અટકાવવા તથા રસીકરણ અંગે, ૨. પર્યાવરણ, સ્વચ્છતા, જળ સંરક્ષણ મજ જળ સંચય ૩. ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી, ૪. નશાબંધી તેમજ કુરિવાજ નિવારણ (દહેજ પ્રથા તેમજ ભૃણ હત્યા નિવારણ), ૫. ફીટ ઇન્ડિયા (રમત-ગમત તેમજ ખેલકૂદને ઉત્તેજન) ઉપરાંત, આઝાદી પ્રાપ્તિમાં સ્વાતંત્ર સેનાનીઓના યોગદાન તેમજ જીવન પરિચય બાબત પર નાટકો રજુ કરવામાં આવેલ. જેમાં વિદ્યાર્થિઓ ઉત્સાહ પુર્વક ભાગ લિધો હતો અને કાર્યક્રમને સફળ બનાવવાનો પ્રયાસ કર્યો હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય મેહમાન તરીકે વિદ્યાર્થી કલ્યાણ નિયામકશ્રી ડૉ. ડી.એચ.પટેલ, કૃષિ મહાવિદ્યાલયના આચાર્યશ્રી ડૉ. વી. પી. રામાણી, રામપુર ગામના સરપંચ દિવ્યેશભાઈ પટેલ તથા ડેપયુટી સરપંચ, ગ્રામ પંચાયત સભ્ય, રામપુર ક્રેડિટ સોસાયટીના ચેરમેનશ્રી હાજર રહી આ કાર્યક્રમને દીપાવ્યો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થિ કલ્યાણ નિયામકશ્રી ડૉ. ડી.એચ.પટેલે અને ડૉ. વી. પી. રામાણીએ પ્રસંગોચિત ઉદબોદન કર્યું હતું. આ કાર્યક્રમમાં રામપુર ગામના ગ્રામજનોએ મોટી સંખ્યામા હાજરી આપેલ. આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ બંને કોલેજના એન.એસ. એસ., કાર્યક્રમ અધિકારીશ્રીઓ પુષ્પા પરમાર અને શ્રી સહદેવ લુહાર, શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓની ભારે જહેમતથી આ કાર્યક્રમ ખુબજ સફળતા પૂર્વક સંપન્ન થયેલ.







